માણસા પાસેના વધુ એક ગામમાં એટીએમ તોડવાનો પ્રયાસ

વહેલી સવારે ત્રાટકેલા બે ચોરો સીસીટીવી કેમેરામાં કેદ : ઇશ્વરપુરાના એસબીઆઈનુ એટીએમ તોડી ૨૩ લાખની ચોરી બાદ મંડાલી ગામના એટીએમને ટાર્ગેટ કર્યું : સમયના અભાવે એટીએમ તોડવામાં ચોરોને નિષ્ફળતા મળી

ગાંધીનગર, તા. ૩૦

બે સપ્તાહ પહેલા માણસાના ઈશ્વરપુરા ગામે એસબીઆઈના એટીએમને નિશાન બનાવીને તસ્કરોએ ગેસ કટરથી એટીએમ તોડી અંદરથી ૨૩ લાખ રૂપિયા રોકડા ચોરી લીધા હોવાની વિગત બહાર આવી હતી. આ ઘટનાની તપાસ હજુ ચાલી રહી છે ત્યારે માણસાના બીજા એક ગામમાં એટીએમ તોડવાનો પ્રયાસ થયો હોવાનું જાણવા મળ્યું છે. માણસાના મંડાલી ગામમાં આવેલા એક્સિસ બેન્કના એટીએમને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યુ હતુ. સવારે ૬ વાગ્યાના અરસામાં સિક્યુરિટી ગાર્ડ ઘરે ગયો ત્યારબાદ બાઈક પર બે શખ્સો આવ્યા હતા અને અજવાળુ થયા બાદ અવરજવર વધે ત્યાં સુધીના ૧૫ મિનિટના મળેલા સમયગાળા દરમિયાન ચોરોએ એટીએમ તોડવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ સફળતા મળી ન હતી અને ત્યાંથી સરકી ગયા હતા. આ મામલે બેંકના બ્રાંચ મેનેજરે માણસા પોલીસ મથકમાં નોંધાવી છે.

અમદાવાદ ખાતે રહેતા અને માણસા તાલુકાના મંડાલી ગામે આવેલી એક્સિસ બેંકમાં બ્રાન્ચ મેનેજર તરીકે ફરજ બજાવતા દિપેનભાઈ ચોકસીએ માણસા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. આ એક્સિસ બેન્ક સવારે સાડા નવ વાગે ખુલે છે અને સાંજે છ વાગ્યે બંધ થાય છે. રાત્રી દરમિયાન સિક્યુરિટી ગાર્ડ પણ ત્યાં ફરજ બજાવે છે. સવારે છ વાગ્યે આ સિક્યુરિટી ગાર્ડની નોકરી પૂરી થાય છે અને સવારે ૬ થી ૧૦ વાગ્યા સુધી જ્યારે બેંક ખૂલે ત્યાં સુધીના સમયગાળા દરમિયાન કોઈ સિક્યુરિટી ગાર્ડ હોતા નથી. બે દિવસ પહેલા બેંકનો કેશિયર સંકેત પટેલ સવારે સાડા નવ વાગ્યાના અરસામાં બેંક પર પહોંચ્યો ત્યારે તેનું ધ્યાન એટીએમ ઊપર પડ્યું હતું અને એટીએમ તોડવાનો પ્રયત્ન થયો હોવાનું ધ્યાને આવ્યું હતું. કેશીયરે બેંક મેનેજરને જાણ કરી બોલાવી લીધા હતા. બેંક મેનેજરે આવીને તપાસ કરી તો એટીએમ તોડવાનો પ્રયત્ન થયો હતો. સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવતાં જાણવા મળ્યું હતું કે સવારે છ વાગે સિક્યુરિટી ગાર્ડના ગયા બાદ સવારે ૬:૧૦ તે બાઈક પર બે તસ્કરો આવ્યા હતા. આ વિસ્તારમાં ચહલપહલ શરૂ થઈ ત્યાં સુધીનો ૧૫ મીનીટનો સમય ગાળો તેમને મળ્યો હતો પરંતુ તેટલા સમયમાં એટીએમ તોડવામાં તેમને સફળતા મળી ન હતી. આખરે ત્યાંથી બંને ભાગી ગયા હતા. એટીએમ તોડીને અંદરથી ચોરી કરવાના નિષ્ફળ પ્રયાસ મામલે બ્રાન્ચ વધારે માણસા પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને ઘટનાની ઉંડી તપાસ હાથ ધરી છે.

ધોળાકુવા રામદેવનગરમાં ગંદુ પાણી આવતા નાગરિકો હેરાન

વસાહતીઓની તંત્ર સમક્ષ લેખિત રજુઆત

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગ શહેરને અડીને આવેલા ધોળાકુવા ગામના રામદેવનગર વિસ્તારમાં છેલ્લા ચાર દિવસથી દુર્ગંધયુકત પાણી આવે છે. આ વિસ્તારમાં ગંદા પાણીને પગલે ઘેરઘેર બિમારીના ખાટલા જોવા મળે છે. જયારે વસાહતીઓ હાલની સ્થિતિને જોઈ પીવા માટે મીનરલ વોટરનો ઉપયોગ કરી રહ્યા છે. ત્યારે રામદેવ નગર વિસ્તારમાં પાણીજન્ય રોગચાળાની દહેશત પ્રવર્તી રહી છે. રામદેવનગરના સ્થાનિક વસાહતીઓએ આજરોજ તંત્ર સમક્ષ ગંદા પાણી આવતુ હોવાની લેખિત ફરિયાદ કરીને ઝડપી ચોખ્ખુ પાણી આપવા રજુઆત કરી છે.

ગાંધીનગર શહેરના પ્રવેશદ્વાર સમાન ચ-૦ પાસે આવેલા ધોળાકુવા ગામમાં છેવાડે રામદેવનગર અને રામ વસાહત આવેલી છે. જેમાં અંદાજીત ૩૦૦ થી વધુ શ્રમિક પરિવારો વસવાટ કરે છે. ત્યારે આ વિસ્તારમાં પાણી માટે તંત્ર દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. વસાહતમાં જુદા જુદા સ્થળો પર નળ ફીટ કરવામાં આવ્યા છે. તેમાંથી નાગરીકો પીવાનું તેમજ જરુરીયાત મુજબ વપરાશ માટે પાણી લઈ જાય છે. પાણીની તંગી આ વિસ્તારમાં વર્તાતી નથી, પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી આ વિસ્તારમાં ગંદુ પાણી આવવાની ફરિયાદ ઉઠવા પામી છે. ગંદા પાણીને પગલે ત્યાં વસવાટ કરતા નાગરીકોને મીનરલ વોટર મંગાવવું પડે છે. ગંદા પાણીને પગલે નાગરીકો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. પાણીજન્ય રોગચાળો આ વિસ્તારમાં માથુ ઉંચકે તેવી દહેશત મંડરાઈ રહી છે. ત્યારે આજે સ્થાનિક નાગરીકોએ તંત્ર સમક્ષ ગંદા પાણીને લઈ લેખિત રજુઆત પણ કરી છે. ત્યારે રામદેવનગરના વસાહતીઓ તંત્ર દ્વારા ઝડપી નિરાકરણ લાવી ચોખ્ખુ પાણી આવે તેની રાહ જોઈને બેઠા છે.

ગાંધીનગર કોર્પોરેશન દ્વારા અવારનવાર સફાઈ અભિયાન શરુ કરવામાં આવે છે. શહેરના નાગરીકો અને વેપારીઓ આ અંગે સજાગતા ન દાખવતા ગંદકીના ઢગ ખડકાયેલા જોવા મળે છે. નગરના કોમર્શીયલ કોમ્પલેક્ષની અંદર ઠેરઠેર ગંદકીના થર જામેલા હોય છે. આ ગંદકીને પગલે મચ્છર અને ડેન્ગ્યુંનો ઉપદ્રવ થવાનો પુરેપુરો સંભવ છે. ત્યારે સેકટર-૧૧ સ્થિત કોમ્પ્લેક્ષમાં પણ આવા જ દ્રશ્યો સર્જાયા છે. ગંદકીના ઢગ ખડકાયેલા હોવા છતા કોમ્પ્લેક્ષ કમિટી મગનુ નામ મરી પાડતું નથી. ત્યારે તંત્રએ પણ એક વખત સેકટર-૧૧ ખાતે આવેલા વાણીજય કોમ્પ્લેક્ષની મુલાકાત લે તેવું નાગરીકો ઈચ્છી રહ્યા છે.

હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



હે નાગદેવતા... અમે તો તમને લુપ્ત થતાં બચાવી ન શકવા ના નથી, પણ તમારે તો અમારી રક્ષા કરવાની છે...

મોંઘવારી ભથ્થું અને એરીયર્સની રકમ ચુકવવા નાયબ મુખ્યમંત્રીને લેખિત રજુઆત

ગાંધીનગર, તા.૩૦

રાજયના કર્મચારીઓ અને પેન્શનરો ને મોંઘવારી ભથ્થાની તેમજ એરીયર્સની રકમના નાણા ચુકવવા માટે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા ડે.સીએમ નિતિનભાઈ પટેલને લેખિત રજુઆત કરાઈ છે.

રાજયના કર્મચારીઓ તથા પેન્શનરોને પહેલી જાન્યુઆરીથી કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ ૨ ટકા મોંઘવારી ભથ્થુ અને સાતમા પગારપંચના એરીયર્સના બાકી હપ્તાના નાણા હજુ સુધી ચુકવવામાં આવ્યાં નથી. ત્યારે જુલાઈ માસનો મોંઘવારી ભથ્થાનો હપ્તો બીજા બે ટકા જાહેર કરવામાં આવ્યો છે. તેમ છતા પેન્શનરોને તથા રાજય સરકારના કર્મચારીઓને સરકાર દ્વારા મોંઘવારી ભથ્થાના હપ્તા તથા બાકી એરીયર્સના નાણા ચુકવવામાં આવ્યા નથી તે દુખદ બાબત છે. કેન્દ્ર સરકારે સતામા પગારપંચની જાહેરાત કરી હતી. જેનો રાજય સરકાર દ્વારા અમલ કરવામાં આવ્યો છે.

આથી કેન્દ્ર સરકારના ધોરણે રાજય સરકારના કર્મચારીઓ તથા પેન્શનરોને સત્વરે બાકી રહેલા બે મોંઘવારી ભથ્થાના હપ્તા તેમજ સાતમા પગારપંચના તફાવતના નાણા ચુકવી આપવા તંત્રને લેખિત રજુઆત ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ કરી છે.

૧લી સપ્ટેમ્બરથી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન પ્રાથમિક શાળાઓમાં સ્વચ્છતા પખવાડિયુ ઉજવાશે

ગાંધીનગર, તા. ૩૦

આગામી ૧લી સપ્ટેમ્બરથી ૧૫મી સપ્ટેમ્બર દરમ્યાન રાજયની તમામ પ્રાથમિક શાળાઓમાં સ્વચ્છતા પખવાડિયુ ઉજવવામાં આવશે.

રાજ્ય સર્વશિક્ષા અભિયાન દ્વારા આજે તમામ જિલ્લાઓને આ પખવાડિયા દરમ્યાન કેવા પ્રકારના કાર્યક્રમો યોજવા તેનું વિગતવાર માર્ગદર્શન સાથેના હુકમો જારી કરી દેવામાં આવ્યા છે.

રાજયમાં એક તરફ મિશનવિદ્યા સંપન્ન થયા બાદ તુરત જ આ સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરવાના કરાયેલા આદેશને પગલે શૈક્ષણિક જગતમાં પણ ભણભણાટ શરૂ થઈ જવા પામ્યો છે. વિદ્યાર્થીઓના નિયમિત શિક્ષણ પર આની વિપરીત અસરો પડશે તેવી ચર્ચા પણ ઉભી થવા પામી છે.

આ પખવાડિયાની ઉજવણી દરમ્યાન સ્વચ્છ શાળા પ્રદર્શન, સ્વચ્છ પાણી દિવસ, સ્વચ્છ પાણી સંગ્રહ દિવસ, સ્વચ્છતા હી સેવા દિવસ, સમુદાય જાગૃતિ દિવસ, હેન્ડવૉશ ડે, વ્યક્તીગત સ્વચ્છતા દિવસ જેવા કાર્યક્રમો યોજવાની સૂચનાઓ આપવામાં આવી છે.

સે. ૨૩ લગ્નવાડી ખાતે ભવ્ય જન્માષ્ટમી પર્વ ઉજવાશે

ગાંધીનગરના સેક્ટર-૨૩ ખાતેના સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા જન્માષ્ટમી પર્વની ઉજવણીનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. સેક્ટર-૨૩માં લગ્નવાડી ખાતે તા. ૩જી સપ્ટેમ્બરે જન્માષ્ટમીના દિવસે સાર્વજનિક કૃષ્ણજન્મ મહોત્સવ ઉજવાશે. આ કાર્યક્રમનો પ્રારંભ રાત્રે ૯ કલાકે શિવ મહિમ્ન સ્ત્રોત પાઠથી કરાશે તેમજ ભોળાનાથની સ્તુતિવંદના યોજાશે. રાત્રે ૧૦.૩૦ થી ૧૧.૩૦ રાસ-ગરબા યોજાશે. ત્યારબાદ ૧૨ વાગ્યા સુધી કૃષ્ણભજન અને પછી કૃષ્ણજન્મ આરતી યોજાશે. કૃષ્ણજન્મ બાદ મટકી ફોડનો કાર્યક્રમ ઉજવાશે. સમગ્ર કાર્યક્રમનું આયોજન મહાપ્રસાદ સાથે ભવ્ય ડેકોરેશન અને લાઈટીંગ સહિત કરવામાં આવ્યું હોવાથી શહેરની ધર્મપ્રેમી શ્રદ્ધાળુઓને સંસ્થાના પ્રમુખ નરેન્દ્ર વ્યાસ અને મંત્રી તપન ત્રિવેદી દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

અમદાવાદના નવા મેયરનું માદરે વતન ડભોડા ખાતે સન્માન

ગાંધીનગર તાલુકાના ડભોડા ખાતે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ દ્વારા અમદાવાદ મહાનગર પાલિકાના નવા નિમાયેલા મેયર બિનલબેન પટેલ મૂળ ગાંધીનગરના ડભોડાના વતનીનુ સન્માન સમારોહ યોજાયો હતો.

જેમાં મેયર બિનલબેન પટેલને જૈનસંઘના ટ્રસ્ટીઓએ સન્માનપત્ર અર્પણ કરી સન્માનિત કર્યા હતા. સંઘ દ્વારા રાખવામાં આવેલ પૂજાવિધિમાં તેમણે ભાગ લઈ ધન્યતા અનુભવી હતી. મેયર બિનલબેન પટેલે અમદાવાદના કોર્પોરેટર પદથી મેયરપદ સુધી સફરયાત્રા દ્વારા ડભોડા ગામનું જિલ્લામાં ગૌરવ અપાવવા અભિનંદનને પાત્ર બન્યા છે. આ સન્માન સમારોહ પ્રસંગે જૈન મંદિરમાં યોજાયે કાર્યક્રમમાં જૈનસંઘ ટ્રસ્ટના પ્રમુખ શરદભાઈ સહિત સમાજના આગેવાનો ગામના સરપંચ તથા અન્ય ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આજે કલોલ ખાતે મેગા જોબ ફેર યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

કલોલ તાલુકા કેળવણી મંડળ અને ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે મેગા જોબફેરનું ઉદ્ઘાટન સવારે ૧૦.૩૦ કલાકે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી કલોલ ખાતે કરશે. આ પ્રસંગે જીઆઈડીસીના ચેરમેન બળવંતસિંહ રાજપૂત, ધારાસભ્ય બળદેવજી ઠાકોર તેમજ ગુજરાતી વહેપારી મહામંડળના પ્રમુખ ડૉ. જૈમીન વસા તથા શૈલેષભાઈ પટવારી ઉપસ્થિત રહેશે.

આ મેગા જોબફેરમાં ૩પથી વધુ નાણાંકિત કંપનીઓ ૧૦૦૦ જેટલા યુવાનોને સારા પેકેજથી જોબ ઓફર કરશે. તેમ સંસ્થાના મહામંત્રી અને ટ્રસ્ટી પ્રફુલભાઈ તલસાણીયાએ અખબારી યાદીમાં જણાવ્યું હતું.

કપડાં સૂકવવા જતાં લાગેલા કરંટથી પત્નીને બચાવવા જતાં પતિનુ મૃત્યુ

ચિલોડા નજીક દોલારાણા વાસણા ગામે બનેલી ઘટના : કરંટથી છોડાવવા પતિ-પુત્ર અને ભત્રીજો વચ્ચે પડયા : ચાર ઘાયલો પૈકી ગંભીર રીતે દાઝી ગયેલા પતિનુ મૃત્યુ

ગાંધીનગર, તા. ૩૦

ચિલોડા નજીક આવેલા દોલારાણા વાસણા ગામમાં આજે સવારે બનેલી ઘટનાથી ગામ શોકમગ્ન બની ગયું છે. સવારે વહેલા કપડાં ધોઈને એક મહિલા તાર ઉપર કપડા સુકવી રહી હતી ત્યારે અચાનક તેણીને કરંટ લાગ્યો હતો. તાર સાથે ચોંટી ગયેલી મહિલાના પતિ તથા પુત્ર અને ભત્રીજો તેને છોડાવવા દોડી ગયા હતા. જેમાં મહિલા સહિત ચારેયને કરંટ લાગતા દાઝયા હતા. આ ઘટનામાં ગંભીર રીતે દાઝેલા પતિનું કમકમાટીભર્યુ મૃત્યુ નીપજયુ હતું. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.

મળતી વિગત મુજબ આજે સવારે પોણા સાત વાગ્યાના અરસામાં ચિલોડા નજીક આવેલા દોલારાણા વાસણા ગામમાં રહેતા શોભનાબેન ગોપાલજી ઠાકોર કપડાં ધોઈને ઘર આંગણે તાર પર સુકવવા જઈ રહ્યા હતા ત્યારે અચાનક શોભનાબેનને વીજ કરંટ લાગી ગયો હતો અને ચોંટી ગયા હતા. તાર સાથે ચોંટી ગયેલા શોભનાબેનને બચાવવા તેમના પતિ ગોપાલજી અને પુત્ર કમલેશ તથા ભત્રીજો બાબુજી દોડી ગયા હતા. શોભનાબેન ને બચાવવા જતા ચારેય વ્યક્તિ તાર સાથે ચોંટી ગયા હતા. ચારેય તાર સાથે ચોંટી જવાથી દાઝી ગયા હતા જેમાં પત્નીને બચાવવા જતાં ગંભીર રીતે દાઝી ગયેલા પતિ ગોપાલજી આતાજી ઠાકોરનુ પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. આ ઘટનાથી ગામમાં શોકની કાલીમાં છવાઈ ગઈ છે. ઘટના અંગે ચિલોડા પોલીસને જાણ થતા એ.એસ.આઈ કાંતિભાઈ સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘટના અંગે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

સરગાસણ પાસે કચરો ભરવા આવેલા સફાઈ કામદારનું કરંટ લાગવાથી મૃત્યુ

ગાંધીનગર નજીક સરગાસણ ખાતે પ્રમુખ પેસિફિક ફ્લેટ નજીક બપોરના અરસામાં એક સફાઈ કામદાર કચરો ભરી રહ્યો હતો ત્યારે તેના અચાનક ઈલેક્ટ્રિક કરંટ લાગતા ગંભીર રીતે દાઝી ગયો હતો. અડાલજના બાલાપીર પાસે શિવ શક્તિ સોસાયટીના વણઝારા વાસમાં રહેતા ૪૦ વર્ષીય સફાઈ કામદાર કરસનભાઈ ટીલાજી વણઝારા ૨૮ તારીખે બપોરે કચરો ભરવા ગયા હતા ત્યારે તેમની સાથે આ દુર્ઘટના સર્જાઈ હતી. આ સફાઈ કામદારનું મોડી સાંજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નિપજયુ હતુ. સેક્ટર-૭ પોલીસને ઘટનાની જાણ થતા અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પીએમ કરાવી જમાદાર રણછોડજીએ વધુ તપાસ શરૂ કરી છે.

મનમાં કોઈને મારવાનો ભાવ પેદા થવો તે હિંસા છે : પૂ. સુનીલસાગરજી મહારાજ

ગાંધીનગર, તા. ૩૦

"દીવો માટીનો હોય કે સોનાનો પ્રકાશ કેટલો આપે છે તે મહત્વનું છે." એવી જ રીતે મિત્ર અમીર છે કે ગરીબી કરતા તે સાથ કેટલો આપે તે મહત્વનું છે. સાચો મિત્ર તો હંમેશા આધ્યાત્મિક અને સાચી દિશામાં લઈ જનાર હોય છે.

આચાર્ય સુનીલસાગરજીએ જણાવ્યુ હતુ કે જૈન ધર્મ તો સંસ્કૃતિ અને જીવન જીવવાની શૈલી છે. કોઈપણ વ્યક્તિ માંસ, મદિરા અને મધનો ત્યાગ કરે અને મહાવીરના અહિંસાના સિદ્ધાંતો પર ચાલે તે જૈન કહેવા માટેનો અધિકારી છે. ઘણીવાર વ્યક્તિ હિંસા કરીને પણ હિંસાનો ભાગીદાર બનતો નથી અને ઘણીવાર હિંસા ન કરીને પણ હિંસાનો ભાગીદાર બને છે.

દેશની રક્ષા કરતા સૈનિકો દ્વારા યુદ્ધના સમયે હિંસા થતી હોય છે. પરંતુ તે હિંસા નથી કારણ કે સૈનિકોમાં હિંસાનો ભાવ નથી પરંતુ દેશની રક્ષા માટે તેમને આદેશ મળ્યો છે એટલે તે ગોળી ચલાવે છે અને હિંસા થાય છે.

કોઈપણ જીવજંતુ કે પ્રાણીને મારવાનો ભાવ થતા વ્યક્તિ તેને મારે છે પરંતુ કોઈ પણ રીતે પ્રાણી બચી જાય છે તો વાસ્તવમાં હિંસા થઈ નહી પરંતુ વ્યક્તિમાં મારવા માટેનો ભાવ પેદા થયો એટલે તે હિંસા ગણાય. વ્યક્તિએ સન્માન આત્મિયતા, પ્રેમ અને સદ્ભાવ સાથે જીવવું જોઈએ.